# સ્વચ્છતા અભિયાન અને ફિલ્મ પ્રદર્શન અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન **યુનિવર્સિટીના** Extension Activity Cell દ્વારા તા.02-10-2021 ના રોજ ગાંધી જયંતિના ઉપક્રમે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, કા.કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી, તેમજ યુનિવર્સીટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ દ્વારા સફાઈની કામગીરી કરવામાં આવેલ. યુનિવર્સિટીના પ્રાંગણમાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીએ સ્વચ્છતા સંકલ્પને સાર્થક કરવાની સરાહના કરી હતી. ત્યારબાદ યુનિવર્સિટીના પરિસર તથા યુનિવર્સિટી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના સફાઈ કામદાર ભાઈઓ અને બહેનોનો ખેસ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. દરેક નાના- મોટા કર્મચારીઓએ કોઇપણ પ્રકારના ભેદભાવ વગર સાથે મળીને સફાઈ કામમાં ખભે-ખભો મિલાવી સમગ્ર ઉપક્રમમાં જોડાયા હતા.

ત્યારબાદ ગાંધી જયંતિના ઉપક્રમે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને ગૌતમ હોલમાં ગાંધીજી અને શાસ્ત્રીજી પર આધારિત ચલચિત્ર દર્શાવવામાં આવી હતી. સૌએ સાથે મળીને આ ચલચિત્ર ખૂબ ઉત્સાહપૂર્વક નિહાળી હતી.